- Comparison of Three Option Pricing Models for Indian Options Market, International Journal of Engineering Science Technologies, ISSN (Online) : 2456-8651, Vol. 5, Issue 4, July-2021, pp. 54-64

**વિદ્યાર્થીઓની સિધ્ધિઓ**

– વિજ્ઞાન ગુર્જરી તથા ગુજરાત યુનિવર્સિટી ના સંયુકત ઉપક્રમે આયોજિત 'ગુજરાત વિજ્ઞાન સંમેલન–૨૦૨૨' માં આપણી કોલેજના ગણિતશાસ્ત્ર વિભાગ ના દ્વિતીય તથા તૃતીય વર્ષમાં અભ્યાસ કરતા પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી દ્વિતીય વર્ષના વિદ્યાર્થી જયદિપ ચૌહાણ એ **"poster presentation"** સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવી વિભાગ તથા કોલેજનું ગૌરવ વધારેલ.

માં લેવાયેલ પરીક્ષામાં સમગ્ર યુનિવર્સીટીમાં પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

- કોલેજના ગણિતશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ અવનિ પ્રજાપતિ તથા હિત પટેલ એ તૃતીય વર્ષ સેમેસ્ટર ૫ ની નવેમ્બર ૨૦૨૧ માં લેવાયેલ પરીક્ષામાં સમગ્ર યુનિવર્સીટીમાં પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું.
- કોલેજના ગણિતશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીની અવની પ્રજાપિત એ તૃતીય વર્ષ સેમેસ્ટર ૬ ની એપ્રિલ ૨૦૨૨ માં લેવાયેલ પરીક્ષામાં સમગ્ર યુનિવર્સીટીમાં પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું.
- કોલેજના ગણિત શાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ મેરૂભાઇ ભરવાડ તથા એશા પંડિતે તૃતીય વર્ષ સેમેસ્ટર ૫ ની નવેમ્બર ૨૦૨૨ માં લેવાયેલ પરીક્ષામાં સમગ્ર યુનિવર્સીટીમાં પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું.




વિભાગ ના અધ્યક્ષ શ્રી ડૉ. એસ.બી. લખનોત્રા એ Tribolgy માં "Effect of Roughness On the Performance of Certain Bearings" વિષય પર M. K. Bhavnagar યુનિવર્સીટી માં August 2021 માં Ph. D. પૂર્ણ કર્યું.



શ્રી ડૉ.અરૂણ ચૌહાણ એ Financial Mathematics માં "An Analytical Study of Black-Scholes Model for Indian Options Market" વિષય પર ગુજરાત યુનિવર્સીટી માં May 2022 માં Ph. D. પૂર્ણ કર્યું.



"ગુજરાત વિજ્ઞાન સંમેલન - ૨૦૨૨" માં આપણી કોલેજના ગણિતશાસ્ત્ર વિભાગના દ્વિતીય તથા તૃતીય વર્ષમાં અભ્યાસ કરતા પાંચ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો



Dr. S.A. Jani

# માઈક્રો બાયોલોજી વિભાગ

વર્ષ ૨૦૨૨–૨૩ માઈક્રોબાયોલોજી વિભાગ માટે એક અસ્વિમરણીય વર્ષ બની રહેશે. માઈક્રોબાયોલોજી સ્ટડી સર્કલના નેજા હેઠળ ડીપાર્ટમેન્ટમાં અનેક પ્રવૃત્તિનું આયોજન થયું જેનો સાર નીચે મુજબ છે.

૧. ૫ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ કોલેજના ૭૫ માં વર્ષના ઉજવણીના ભાગરૂપે માઈક્રોબાયોલોજી સ્ટડી સર્કલ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે દેશભક્તિ ગીતગાનનું તથા ત્રિરંગાના ત્રણ રંગના વસ્ત્રોથી સજ્જ થઈને આયોજન કરવામાં આવ્યું જેમા વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફમિત્રો દ્વારા રાષ્ટ્રપ્રેમના ૨૦ જેવા ગીતો ગવાયાં અને વાતાવરણમાં ઉત્સાહ અને ઉમંગનો સંચાર થયો.

૨. ૧૦ ઓગસ્ટ હર ઘર તિરંગા અભિયાન હૈ, રન ફોર તિરંગા માટે સરદાર વલ્લભભાઈ પટેલના ઘર સુધી સ્ટેશનથી એક મહા રેલીનું આયોજન થયું. જેમાં સમગ્ર જે.એન્ડ જે. સાયન્સના વિદ્યાર્થીઓ જોડાયા. તેમાં માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા પર્યાવરણના આરક્ષણ હેતુના સ્લોગન સાથેની રેલી યોજાઈ. જેમાં **Save Water, Save Earth, No Water No Life, No Blue, No Green, Save Fuel Save Future** જેવા સૂત્રો તથા દેશભકિતને લગતા સૂત્રોચ્ચાર સાથે ભવ્ય રેલીના આયોજનમાં માઈક્રોબાયોલોજીના સ્ટાફ તથા વિદ્યાર્થીઓ જોડાયા.

૩. ૫ સપ્ટેમ્બર – ૨૦૨૨ શિક્ષકદિન નિમિત્તે આપણી કોલેજના પૂર્વ વિદ્યાર્થી ડૉ. પ્રવીણભાઈ પટેલ દ્વારા પ્રેરિત ''તમારા નગર નડીઆદને જાણો' વિષય પર કિવઝનું આયોજન થયું જેમાં સમગ્ર જે. એન્ડ જે. કોલેજના ૧૦૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં વિજેતા બનનાર વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ પુસ્તકો તથા રોકડ રકમનું ઈનામ આપવામાં આવ્યું જે પેટે ડૉ. પ્રવીણભાઈ પટેલ તરફથી રૂા. ૧૦,૦૦૦/– ની રકમ પ્રાપ્ત થઈ જેમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓના નામ નીચે મુજબ છે.

૧. ધારા કડિયા
૨. ધ્રુવિષા સુથાર
૩. નસિહા મન્સુરી

ક્વિઝના આયોજન અને સંચાલનમાં પ્રધ્યાપિકા પૃથા સોની તેમજ કુ. ચૈતાલી પટેલે ફાળો આપ્યો.

* ૧૭ સપ્ટેમ્બર–૨૦૨૨ ઈન્ટરનેશનલ માઈક્રો ઓર્ગેનિઝમ ડે નિમિત્તે માઈક્રોબાયોલોજી તેમજ બાયોલોજી વિભાગના સહયોગથી આપણી કોલેમાં કોલેજના ૭૫ મા વર્ષના ઉજવણીના ભાગરૂપે એક એક્ઝિબિશનનું આયોજન થયું જેમાં નગર નડીઆદની લગભગ પાંચ શાળાઓના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ મેળવ્યો. ડીપાર્ટમેન્ટમાં જીવંત નમૂનાઓ, પોસ્ટ, માઈક્રોસ્કોપ સ્લાઈડઝ, જીવંત બેકટેરીયાનો પરિચય, ફુડકોર્ટ વગેરેનું આયોજન થયું. વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવૃત્તિની સાથો સાથ ફુડકોર્ટમાં વિવિધ વાનગીઓનો પણ રસાસ્વાદ કરાવ્યો તેમજ તેમને થયેલા
* નફામાંથી સ્ટડી સર્કલને પણ રૂા. ૫૦૦/– સપ્રેમ સમર્પિત કર્યા



# સાયન્સ કોલેજ, નડિયાદમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતોની પ્રસ્તુતિ



આણંદ, તા. ૭

જે. એન્ડ જે. કોલેજ ઓફ સાયન્સ, નડિયાદમાં યોજાયેલ દેશભક્તિ ગીતોના ... માઈક્રોબાયોલોજી સોસાયટી ઈન્ડિયાના નડિયાદ ચેપ્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડો. શિલ્પાબેન જાની અને ... ડો. એ. એમ. પટેલ કાર્યક્રમમાં હાજર રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતાં.









* પ્રદર્શનના ઉદ્‌ઘાટન નિમિત્તે ડૉ. કે.સી. પટેલ સાહેબ ડિન, વિજ્ઞાન વિદ્યાશાખા, ડૉ. હરેશ કેહરિયા કો–ઓર્ડીનેટ (એમ.બી.એસ.આઇ.), ડૉ. રાજેન્દ્ર પ્રજાપતિ કો–ઓર્ડીનેટર (એમ.બી.એસ.આઇ.) , ડૉ. અજીત પટેલ કો–ઓર્ડીનેટર (એમ.બી.એસ.આઇ.) તથા માઇક્રોબાયોલોજી તેમજ બાયોલોજી વિભાગ ના તમામ સ્ટાફમિત્રો હાજર રહ્યા અને કાર્યક્રમને સફળ બનાવ્યો. ફુડકોર્ટનું આયોજન પૃથા મહેતા, મોડલ મેકિંગનું આયોજન પારુલ ભટ્ટ, માઇક્રોસ્કોપિક વર્ક તેમજ જીવંત બેકટેરીયાને લગતા નમુનાની ગોઠવણ અમી પુરોહિત, બાયોલોજીના મ્યુઝિયમનું પ્રદર્શન શ્રી સુરેશ પટેલ તેમજ પ્રો. એ.બી. પરમાર ભાઇના સહયોગથી થયું. સમગ્ર કાર્યક્રમનું કો–ઓર્ડીનેશન ડૉ. અજીત પટેલ (એમ.બી.એસ.આઇ.) સ્ટુડન્ટ યુનિટ ઇન્ચાર્જ તેમજ ચૈતાલી પટેલ દ્વારા કરવામાં આવ્યુ. સમગ્ર પ્રદર્શનના સુચારુ સંચાલન માટે મોનિલ પટેલ, ચાંદની કૌશિક, પરમાનંદભાઇ, જશવંતભાઇએ જહેમત ઉઠાવી હતી.


૫. કુ. પટેલ દેવાંશી મહેન્દ્રભાઇ અને કુ. મલિક રાહેલા એ. જી.એસ.બી.ટી.એમ. દ્વારા પ્રાયોજિત બાયોટેકનો પ્રિનિયોરશીપ એવરનેઝ પ્રોગ્રામમાં તા. ૬/૭ સપ્ટેમ્બરના રોજ નવરચના યુનિવર્સીટી, વડોદરા ખાતે ભાગ લીધો.

૬. પ્રથમ સેમેસ્ટર કસોટીમાં સેમેસ્ટર–૫ માં માઇક્રોબાયોલોજી વિષયમાં યુનિવર્સીટીમાં પ્રથમ દસમાં ડીપાર્ટમેન્ટમાં બે વિદ્યાર્થીઓએ સ્થાન મેળવીને ડીપાર્ટમેન્ટું ગૌરવ વધાર્યું જેમાં ધ્રુવ ડી. પટેલ ત્રીજા ક્રમે તેમજ ધારા આર. કડિયા છટ્ઠા ક્રમે આવ્યા છે.

૭. ગુજરાત બાયોટેકનોલોજી મિશન જી.એસ.બી.ટી.એમ. ના નેજા હેઠળ નેશનલ લેવલે વિદ્યાર્થીઓની સમર ઇન્ટર્નશીપ આયોજીત થઇ જેમાં ડીપાર્ટમેન્ટનું ત્રણ વિદ્યાર્થીઓની પસંદગી થઇ જેઓ દેશની વિખ્યાત સંસ્થાઓમાં ૧ મહિના સફળ તાલીમ મેળવીને આવ્યા.
૧. ધ્રુવ ડી. પટેલ – હરિયાણા (આર.સી.બી.)
૨. કેશવી આર. મિસ્ત્રી – ચંદીગઢ (આઇમટેક)
૩. ખુશાલી પટેલ (આઇ.ટી.આઇ. ગાંધીનગર)

૮. ડીપાર્ટમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં રમત–ગમત પ્રત્યે રૂચિ ઉદભવે તે હેતુથી ફેબ્રુઆરીની ૭,૮,૯ તારીખે રમત મહોત્સવનું સફળ આયોજન થયું જેમાં દ્વિતિય વર્ષ અને તૃતિય વર્ષ માઇક્રોબાયોલોજી વિદ્યાર્થીઓએ ખોખો, બેડમિન્ટન, ક્રિકેટ, ચેસ, લિંબુચમચો જેવી અનેક રમતોમાં ભાગ લઇને આ દિવસોને ઉત્સાહ અને આનંદથી રસબોળ કરી દીધા. ડૉ. અજીત પટેલ, મોનિલ પટેલ, જશવંતભાઇ તેમજ પરમાનંદભાઇએ આ કાર્યક્રમની સફળતામાં ફાળો આપ્યો.

૮. જાન્યુઆરી–૨૦૨૩ માસમાં જીબીઓન માં ભાગ લેવા જવા માટે ડીપાર્ટમેન્ટમાં વિવિધ વિષય ઉપર ઇન્ટ્રાકોલેજ હરિફાઇનું આયોજન થયું જેમાં નીચે પ્રમાણેના વિદ્યાર્થીઓનું રાજ્ય કક્ષાએ ભાગ લેવા જવા માટે પસંદગી પામ્યા.
સેમ–૬ સેમિનાર – કેશવી આર. મિસ્ત્રી
સેમ–૬ આર્ટિકલ – માનલ રબારી
સેમ–૬ એકટેમ્પોર – ધ્રુવ ડી. પટેલ
સેમ–૬ કિવઝ – ૧. કુ. ખુશાલી પટેલ


Microbes for Better Tomorrow
1996
WEBINAR
"A Brief Exploration of
Microbial World"
Date: 27/08/2022
Time: 11:00 a.m.
onwards
Speaker: Pravin H. Patel
(Ph.D Biology, D - ABMM)
Alumnus – J. & J. Science College
(1967-73)
Dr. Alpesh M. Patel







– ૨. કુ. રાહેલા મલિક
સેમ–૨/૪/૬ કાર્ટુન મેકિંગ – ફૈઝાન પઠાન
સેમ–૪/૬ કન્સેપટમેકિંગ – ધારા આર. કડિયા
સેમ–૪ સેમિનાર – પૂર્વિ ડી. ચંદવાણી

૯. માઈક્રોબાયોલોજી સ્ટડી સર્કલ દ્વારા તા. ૧૯/૨/૨૦૨૩ ના રોજ જી.એસ.બી.ટી.એમ. ના સહયોગથી વિસનગર સાંકળચંદ યુનિવર્સીટી સંચાલિત નૂતન સાયન્સ કોલેજ ખાતે રાજય કક્ષાની ગુજરાત ઈન્ટિગ્રેટેડ બાયો નેટવર્ક – યુ.જી. માટેની વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું જેમાં ડિપાર્ટમેન્ટના દરેક સભ્યોએ સહર્ષ કામ કરીને કાર્યક્રમને સફળ બનાવવામાં ફાળો આપ્યો અને ડિપાર્ટમેન્ટની વર્ષો જુની પ્રણાલીને જીવંત રાખી.

૧૦. એમ.એસ.સી. સેમેસ્ટર–૩ માઈક્રોબાયોલોજીમાં યુનિવર્સીટી પરીક્ષામાં પ્રથમ દસમાં બે તેમજ પ્રથમ પચાસમાં નવ વિદ્યાર્થીઓ ક્રમાંક થયા. જે ડીપાર્ટમેન્ટ માટે ગૌરવની બાબત છે.
૧. આયુષી દિપક પટેલ યુનિ. ક્રમ–૯ તેમજ
૨. ખેમકુમારી ચિત્રબહાદુર નેપાળી યુનિ. ક્રમ–૧૦ હાંસિલ કરેલ છે.

૧૧. એમ.બી.એસ.આઇ. દ્વારા બેસ્ટ સ્ટુડન્ટ રેકગનિશન એવોર્ડ ૨૦૨૧–૨૨ માટે એમ.એસ.સી. માઇક્રોબાયોલોજી ના – ડેનિશકુમાર કાન્તિલાલ મેકવાન તેમજ
બી.એસ.સી. માઇક્રોબાયોલોજીનો કુ. વિશાખા ઠાકોર પસંદગી પામ્યા જેની નોંધ લેવી ઘટે.

૧૨. જી.બી.યુ., ગાંધીનગર ખાતે ક્વિઝ માટે આપણા ડીપાર્ટમેન્ટમાંથી
૧. ધ્રુવ પટેલ
૨. માનલ રબારી
૩. ધરા કડિયા એ ભાગ લીધો. જાન્યુઆરી ૧૯, ૨૦૨૩

૧૩. ડીપાર્ટમેન્ટના પૂર્વ વિદ્યાર્થી પ્રવિણભાઈ પટેલ તથા તેમના ધર્મપત્ની રોહિણી પી. પટેલ દ્વારા ડીપાર્ટમેન્ટના વિકાસ માટે રૂા. ૧૫ લાખનું દાન મળ્યું જે ડીપાર્ટમેન્ટ માટે ગૌરવની વાત છે. જેનાથી ડીપાર્ટમેન્ટને આધુનિક સાધનોથી સજ્જ નવી ત્રીજી લેબોરેટરી પ્રાપ્ત થઇ જેને માટે ડીપાર્ટમેન્ટ તેમનું ઋણી રહેશે અને હરહંમેશ સંભારણું બની રહેશે. તા. ૨૫/૨/૨૦૨૩ ના રોજ કોલેજના વાર્ષિક મહોત્સવમાં આ નવસર્જીત લેબોરેટરીનું ઉદ્‌ઘાટન તેઓના હસ્તે કરવામાં આવશે. કોલેજના ૭૫ માં સ્થાપના વર્ષે કોલેજને યાદ કરનાર તેના દાતા–સપૂતોને વંદન.






MICROBIOLOGY FOOD COURT

| NAME | PRICE | NAME AND CONTACT (GPay available) | |
|---|---|---|---|
| Jalebi | 30 | Janvi | 9913616935 |
| Khaman | 35 | Dhara | 8140550981 |
| Khandvi | 30/60(6pc/10pc) | Mansi | 9664650511 |
| Handwo | 40 (Cheese+10) | Vidhi | 9725604905 |
| Idli | 35 | Devanshi | 9499829533 |
| Masala Idli | 35 | Ashruti | 7778852211 |
| Dhokla | 30 | Khushali | 9712655897 |
| Dhokla | 20 | Hetvi | 8160820400 |
| Sandwich Dhokla | 40 | Keshvi | 9638770611 |
| Dahivada | 40 | Faizan | 9714806184 |
| Dahivada | 30 | Tanvisha | 9313778342 |
| Dahivada | 30 | Komal | 9725807405 |
| Meduvada | 40 | Mihir | 9265918611 |
| Veg. Cheese Sandwich | 60 | Divya | 7490005161 |
| Sandwich | 80 | Radha | 8401782133 |
| Supreme Garlic Bread | 15/30(2pc/4pc) | Hemangini | 9313864429 |
| Cheese Paneer Frankie | 20 | | |
| Kanji(Fermented Drink) | 20 | Jinal | 9328998830 |
| Masala Chaas | 15 | Saniya | 9662499081 |
| Fudina Chaas | 15 | Dhruv | 9913466222 |
| Lassi | 30 | Devanshi | 9499829533 |
| Lassi | 20 | Sejal | 9033105582 |

SPECIAL OFFER

| | | | |
|---|---|---|---|
| Sandwich dhokla, dhokla and Kanji/Fudina Chaas | 50 | Keshvi | 9638770611 |
| Dahivada and Fudina Chaas | 50 | Dhruv | 9913466722 |

Our students learn about Indian and international fermented food and beverage. They are having a mini start up experience for just one day! We request you all to kindly encourage them by booking your orders. We have ensured that everything served here will be freshly made, free from any chemical essence, food colors or preservatives.





# Gibion-23 ના વિજેતા
# J. & J. Microbiology Dept.

**(1) Kesvi Mistry First in Seminar Presentation**
**(2) Dhruv Patel Second in Extempore Elocution**
**(3) Purvi Chandwani Second in Seminar Presentation at Sem-4**

વીસનગર શ્રી સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંચાલિત નૂતન સાયન્સ કોલેજ દ્વારા તા. ૨૯/૨/૨૦૨૩ ના રોજ યોજાયેલ ૩૩મા ગુજરાત ઇન્ટીગ્રેટેડ બાયોનેટવર્ક અંતર્ગત રાજય કક્ષાની સ્પર્ધામાં જે. એન્ડ જે. સાયન્સ કોલેજના ઉપરોકત વિદ્યાર્થીઓ વિજેતા બન્યા છે. જે સમગ્ર કોલેજ માટે ગૌરવની બાબત છે. કુલ આઠ સ્પર્ધાઓ પૈકી ૭ સ્પર્ધાઓમાં કુલ આઠ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. કોલેજમાંથી ૨૫ વિદ્યાર્થીઓ તથા ૬ સ્ટાફ મિત્રો વિસનગર ખાતે ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમ ગુજરાત બાયોટેકનોલોજી મિશન ગાંધીનગર તેમજ માઇક્રોબાયોલોજી સ્ટડી સર્કલ જે.એન્ડજે. સાયન્સ કોલેજ નડીઆદ દ્વારા વિસનગર આયોજીત કર્યો હતો.

આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાંથી ૩૨ કોલેજોએ ભાગ લીધો હતો તથા કુલ ૬૫૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં ૨૨૦ સ્પર્ધકો, ૨૦ નિષ્ણાંત નિર્ણાયકો, ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ, ૭૦ જેટલા પ્રાધ્યાપક મિત્રો તેમજ ૫૦ થી વધારે વોલેન્ટિયરોનો સમાવેશ થાય છે. સમગ્ર ગુજરાતને આવરી લેતી આ સ્પર્ધામાં જે.એન્ડ જે. કોલેજ ઓફ સાયન્સ સતત ૩૩ વર્ષથી આ સ્પર્ધાના આયોજનમાં અગત્યનો ફાળો ભજવે છે.

# Gibion-23 ના વિજેતા
# J. & J. Microbiology Dept.





# ઓફિસ વિભાગ



શ્રી એચ.એમ. પારેખ
ઓફીસ સુપ્રિન્ટેડેન્ટ



શ્રી જી.એસ. સોલંકી
સિનિ. ક્લાર્ક

– હાલમાં ઓફિસમાં કાયમી ધોરણે માત્ર ૨ જ વર્ગ ૩ માં સ્ટાફ છે. અને વર્ગ–૪ માં ૨ સ્ટાફ છે.

– શ્રી એચ.એમ. પારેખને તા. ૯.૭.૨૦૨૩ ના રોજથી ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે બઢતી આપવામાં આવેલ છે.

– શ્રી જી.એસ. સોલંકીને તા. ૨૨.૦૮.૨૦૧૯ ના રોજથી સિનીયર ક્લાર્ક તરીકે બઢતી આપવામાં આવેલ છે.

– શ્રી સી.કે. સોલંકી–એકાઉન્ટન્ટ તા. ૩૧.૧૦.૨૦૨૧ ના રોજ વય નિવૃત્ત થયેલ છે.

– સરકારશ્રીના અને યુનિવર્સીટીના રોજબરોજના કામમાં ખૂબ જ નિયમિત અને ચોકસાઇપૂર્વક થાય છે.

– વધુમાં સંસ્થા ધ્વારા એડહોક એકાઉન્ટ કલાર્ક ધરા ડી. ચાવડા તથા કલાર્ક નિરવ જે. હઠીલાની માનદ્ વેતનથી નિમણુંક કરેલ છે.



# ભૌતિક શાસ્ત્ર વિભાગ

**ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૦–૨૧**
**દરમ્યાન થયેલ વિભાગીય પ્રવૃત્તિનો અહેવાલ**

**Prof. M.H. Shah**

**અધ્યક્ષ**

**શૈક્ષણિક વર્ષ દરમ્યાન ... વિભાગ દ્વારા માઇક્રોસોફ્ટ ટીમના માધ્યમથી વર્ગખંડના શિક્ષણને બદલે વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા માઇક્રોસોફ્ટ ટીમના માધ્યમથી ૧૯ વિદ્યાર્થીઓને "NGPE-2021, NATIONAL GRADUATE PHYSICS EXAMINATION-2021" પરિક્ષાનું માર્ગદર્શન અને તેનું મહત્વ, તેમજ પ્રોત્સાહન પુરુ પાડવામાં આવ્યું.**

**જેમાં થિયરી અને પ્રાયોગિક શિક્ષણ પણ જુદા જુદા વિષય વસ્તુ પરના વિડીયો દ્વારા સમજાવવામાં આવ્યું.**

**૧.** **૨૪ જાન્યુઆરી ૨૦૨૧ : INDIAN ASSOCIATION OF PHYSICS TEACHERS દ્વારા સંચાલિત "NGPE-2021, NATIONAL GRADUATE PHYSICS EXAMINATION-2021" માં B.Sc. Sem-4 અને Sem-6 ના થઈને કુલ ૧૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. જેમાંથી બે વિદ્યાર્થીઓએ ઉત્તમ સ્થાન (Top Rank) પ્રાપ્ત કરેલ છે. ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા પરિક્ષા આપનાર તેમજ ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થી મિત્રોને હાર્દિક અભિનંદન.**
   **૧. હિનલ રાકેશકુમાર ગોહિલ – રોલ નં. ૩૪૧૮ – સેમ–૬**
   **૨. જિગિષા રાજેન્દ્રકુમાર રાજપૂત – રોલ નં. ૩૪૨૧–સેમ–૬**

**૨.** **૧૫ માર્ચ ૨૦૨૧ : બી.એસ.સી. સેમ–૬ ના દરેક વિદ્યાર્થીઓએ આપણી કોલેજ દ્વારા આયોજિત ''ખેડા જિલ્લા જોબ મેળા'' માં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.**




**૨૪–૦૧–૨૦૨૧ ના રોજ**
**NGPE-2021**
**ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ**



**૨૪–૦૧–૨૦૨૧ ના રોજ**
**NGPE-2021**
**ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ**



# ભૌતિક શાસ્ત્ર વિભાગ

**ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન થયેલ વિભાગીય પ્રવૃત્તિનો અહેવાલ**

**Prof. M.H. Shah**

**અધ્યક્ષ**

**શૈક્ષણિક વર્ષ દરમ્યાન ... વિભાગ દ્વારા માઇક્રોસોફ્ટ ટીમના માધ્યમથી વર્ગખંડના શિક્ષણને બદલે વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા માઇક્રોસોફ્ટ ટીમના માધ્યમથી ૧૯ વિદ્યાર્થીઓને "NGPE-2022, NATIONAL GRADUATE PHYSICS EXAMINATION-2022" પરિક્ષાનું માર્ગદર્શન અને તેનું મહત્વ, તેમજ પ્રોત્સાહન પુરુ પાડવામાં આવ્યું.**

**જેમાં થિયરી અને પ્રાયોગિક શિક્ષણ પણ જુદા જુદા વિષય વસ્તુ પરના વિડીયો દ્વારા સમજાવવામાં આવ્યું.**

૧. **૦૫ જાન્યુઆરી ૨૦૨૨ : Workshop on Rocket Science"**
**રોકેટ વિજ્ઞાન પર 'વર્કશોપ' નું આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપમાં બી.એસ.સી. સેમ-૬ અને સેમ-૪ ના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ રૉકેટના વર્કીંગ મૉડેલને આપણી કોલેજના ગ્રાઉન્ડ ઉપર સફળતાપૂર્વક ઉડાન કરાવ્યું હતું.**

૨. **૨૭ માર્ચ ૨૦૨૨ : INDIAN ASSOCIATION OF PHYSICS TEACHERS દ્વારા સંચાલિત "NGPE-2022, NATIONAL GRADUATE PHYSICS EXAMINATION-2022" માં બી.એસ.સી. સેમ-૬ ના કુલ ૧૯ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી. જેમાંથી ચાર (૪) વિદ્યાર્થીઓએ ઉત્તમ સ્થાન (TOP-RANK) પ્રાપ્ત કરેલ છે. ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા પરિક્ષા આપનાર તેમજ ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થી મિત્રોને હાર્દિક અભિનંદન.**
**૧. વેદાંન રાકેશકુમાર ખંભોળજા – રોલ નં. ૩૩૦૦ – સેમ-૬**
**૨. ક્રિષ્નાબેન જયંતિલાલ પટેલ – રોલ નં. ૩૨૮૬ – સેમ-૬**
**૩. યશકુમાર ઈશ્વરભાઇ ડાભી – રોલ નં. ૩૩૦૫–સેમ-૬**
**૪. યશ પરેશભાઈ દરજી – રોલ નં. ૩૩૦૪–સેમ-૬**

૩. **બી.એસ.સી. સેમ-૬ ના ૧૯ વિદ્યાર્થીઆએ ફિનીશીંગ સ્કૂલમાં ભાગ લીધો હતો.**

૪. **જિતેશકુમાર લક્ષ્મીશંકર યાદવ ... જેમણે ભૌતિકશાસ્ત્રમાં વિષયમાં (સી.જી.પી.એ.-૯.૫૮) સાથે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.**

# ભૌતિક શાસ્ત્ર વિભાગ

**ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨**







# ભૌતિક શાસ્ત્ર વિભાગ

## રોકેટ વિજ્ઞાન પર 'વર્કશોપ'



# ભૌતિક શાસ્ત્ર વિભાગ


## રોકેટ વિજ્ઞાન પર 'વર્કશોપ'







# ભૌતિક શાસ્ત્ર વિભાગમાંથી ચાલુ વર્ષે ૨૦૨૩ માં નિવૃત્ત થતા સભ્યો



**પ્રો. મિહિરબાબુ હરિહરભાઈ શાહ**
**અધ્યાપક**



**પ્રો. એસ.જે. પનારવાલા**
**અધ્યાપક**



**શ્રી હિતેશ એન. શાહ**
**લેબોરેટરી આસિસ્ટન્ટ**

# સ્ટુડન્ટ કાઉન્સિલ અહેવાલ વર્ષ ૨૦૨૨-૨૦૨૩

**કોઓર્ડીનેટર : પૃથા મનોજ સોની**

જે.એન્ડજે. કોલેજ ઓફ સાયન્સ સ્ટુડન્ટ કાઉન્સીલ ધ્વારા વિવિધ સ્પર્ધાઓ તેમજ તહેવારોની ઉજવણી આ વર્ષ દરમ્યાન કરવામાં આવી હતી.

૧. ગુરૂ પૂર્ણિમા :

ગુરૂ પૂર્ણિમાના દિવસે કોલેજમાં એક નાની ઈવેન્ટ યોજાઇ હતી. જેમાં શરૂઆતમાં પુષ્પ આપીને, દરેક ગુરુજનને સંબોધીને તેમના સન્માનમાં વિદ્યાથીઓએ વકતવ્ય આપ્યું.

૨. આપણી કોલેજના ૭૫ વર્ષ પુરા થયાની ઉજવણીનો પ્રારંભ કરતા વર્ષની શરૂઆમાં ઉજવણીના બેનરની ગ્રાફિસ ડીઝાઇન બનાવવાની નવતર સ્પર્ધાનું આયોજન કાઉન્સીલ ધ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ૨૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લઇને ખૂબ સર્જનાત્મક બેનર બનાવ્યા હતા. આ સ્પર્ધાના વિજેતાઓ આ મુજબ જાહેર કરવામાં આવ્યા હતા.

૧. ધ્રુવ ધર્મેશકુમાર પટેલ
૨. શિવાની આર. રાણા
૩. કેયા જે. દવે

૩. 'આઝાદીકા અમૃત મહોત્સવ' :

'આઝાદીના અમૃત મહોત્સવ' નિમિત્તે આપણી કોલેજના ૭૫ થયાની ઉજવણી તેમજ આપણા ભારત દેશની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દેશભકિત ગીત અનેક વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા અને આપણા શિક્ષકોએ પણ દેશભકિત ના ગીતો ગાઇને વાતાવરણ દેશભકિતમય બનાવ્યું હતું.

આપણા શિક્ષિકા પૃથાબેન સોનીએ આ અવસર ઉપર વિદ્યાર્થીઓ માટે ખાસ રચેલી ખૂબ જ સરસ કાવ્યકૃતિ રજૂ કરી હતી.

આ ઉપરાંત રંગોળી સ્પર્ધાનો પણ આયોજન કરવાાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખુબ જ સુંદર Tricolour રંગોળીઓની સજાવટ કરીને તેમનો દેશ પ્રત્યેનો પ્રેમ રજૂ કર્યો હતો.

ટ્રાય કલર રંગોળી સ્પર્ધા વિજેતા :

૧. પરમાર બ્રિજેશ
૨. ઝાલા હેપ્પી
૩. પારેખ ક્રિષ્ના એન.

આ ઉપરાંત પોસ્ટર મેકીંગ ની સ્પર્ધા પણ યોજવામાં આવી હતી.

૫. પોસ્ટર મેકીંગ અને પેઇન્ટીંગ સ્પર્ધાઓના વિજેતા :

૧. મરેંદુ એમ. સોઢા

૨. રિધ્ધિ એચ. રાવલ
૩. કોમલ આર. પ્રસાદ

– ''હર ઘર તિરંગા'' અભિયાન હેઠળ તારીખ ૧૦ ઓગસ્ટ ના રોજ 'રન ફોર તિરંગા' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દરેક વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

૩. તારીખ ૫/૯/૨૦૨૨ ના રોજ ''નડિયાદ'' શહેરના ઈતિહાસ વિષયો ઉપર એક સુંદર ક્વિઝ આયોજન કરવામાં આવ્યું હતું.

૪. શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ વિભાગોમાં શિક્ષકની ભૂમિકા ભજવવામાં આવી હતી.

૫. તારીખ ૧૪/૧૨/૨૦૨૨ ના રોજ સ્ટુડન્ટ કાઉન્સીલ દ્વારા સરદાર વલ્લભભાઇ પટેલના જન્મ જયંતી નિમિત્તે બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ સરદાર વલ્લભભાઇ પટેલના જન્મ સ્થળથી કરમસદ સુધી બાઇક રેલી દ્વારા પહોંચ્યા હતા.

૬. સ્ટુડન્ટ કાઉન્સિલ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં વિવિધ પ્રકારના દિવસોની ઉઝવણી કરવામાં આવી હતી જેમાં,

– ગ્રામ સ્ટેનિંગ ડેની ઉજવણી કરી હતી. આ દિવસનું મહત્વ માઇક્રોબાયોલોજી વિષય સાથે જોડાયેલ છે. જેમાં સહુએ ગુલાબી અને જાંબલી રંગના વસ્ત્રો પરિધાન કર્યા હતા.

– ''ગ્રીન ડે'' અથવા ''પર્યાવરણ દિવસ'' ઉજવવામાં આવ્યો હતો. જેમાં હરિયાળી ઉત્ક્રાંતિ વિષય ઉપર ધ્યાન દોરવામાં આવ્યું હતું.

– સાંસ્કૃતિક દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક પોશાક ધારણ કરીને આપણી ભારતીય સંસ્કૃતિને પ્રદર્શિત કરી હતી.

– ''બ્લુ ડે'' ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ''જળ બચાવો'' થીમ દર્શાવવામાં આવી હતી.

– ''બ્લેક ડે'' ની ઉજવણી કરવામાં આવી હતી જે આપણા દેશના વીર શહીર જવાનોને સમર્પણ કરી અને તેમનું સન્માન પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.

– ત્યારબાદ ''એકિઝકયુટિવ ડે'' ઉપરાંત ''ગ્રુપ ડે'' ની ઉજવણી કરવામાં આવી હતી.

૭. કાઉન્સીલ તરફથી વર્ષાન્તે આ વાર્ષિક ઉત્સવનું આયોજન ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું હતું.

# UDISHA AND FINISHISHING SCHOOL REPORT 2022-23

**Dr. S.D. Patel**

**UDISHA CLUB REPORT:**

**ચાલુ વર્ષે ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં બે કંપની પરિમલ હેલ્થ કેર તેમજ નિરમા ઇન્ડ્રસ્ટ્રીઝ ધ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પરિમલ કેરમાં એક વિદ્યાર્થીનું તેમજ નિરમા ઇન્ડ્રસ્ટ્રીઝમાં છવિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થયેલ છે. આ ઉપરાંત આવનારા દિવસોમાં પી.આઇ. ઇન્ડસ્ટ્રીઝ તેમજ રુબામિન ઇન્ડસ્ટ્રીઝ ધ્વારા કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરેલ છે.**



## FINISHING SCHOOL:

**વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કે.સી.જી. દ્વારા દર વર્ષે ફિનીશીંગ સ્કુલના ૮૦ કલાકના ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન થાય છે. જેમાં વિદ્યાર્થીને વિવિધ પ્રકારના સોફટ સ્કીલ તેમજ પર્સનાલીટી ડેવલપમેન્ટને લગતા વિવિધ પ્રકારના પાસાઓને આવરી લેવામાં આવે છે. ચાલુ વર્ષે સેમ ૫ અને ૬ ના વિદ્યાર્થીઓ માટે ફિનીશીંગ સ્કૂલ ધ્વારા ૮૦ કલાકના ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન ઓકટોબર ૨૦૨૨ માં કરવામાં આવેલ હતું જેમાં વિવિધ ડીપાર્ટમેન્ટના કુલ ૬૬ વિદ્યાર્થીઓએ આ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.**





## JOB FAIR-2023

રાજય સરકાર અને કેસીજીના ઉપક્રમે દર વર્ષે રાજ્યના દરેક જિલ્લાઓમાં વિદ્યાર્થીઓને સ્નાતક પૂર્ણ થાય છે એ પહેલા એટલે કે ત્રીજા વર્ષમાં હોય ત્યારે જ એમને જોબ મળી રહે એવા આશયથી દર વર્ષે માર્ચ મહિનમાં જોબ ફેરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ખેડા અને મહીસાગર જિલ્લાઓના વિદ્યાર્થીઓ માટેનો જોબફેર છેલ્લા ૪ વર્ષથી જે.એન્ડજે. કોલેજ ઓફ સાયન્સ, નડીઆદમાં યોજવામાં આવે છે. જેમાં ખેડા અને મહીસાગર જિલ્લાની તમામ કોલેજોના એટલેકે આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં તેમજ બી.પી.એડ. ગર્વમેન્ટ અને ગ્રાન્ટ ઇનએઇડ કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે છે. દરેક વિદ્યાર્થી ઓછામાં ઓછી ૪ કંપનીઓમાં ઇન્ટરવ્યુ આપી પોતાને અનુકુળ કંપનીની પસંદગી કરી શકે છે. વર્ષ ૨૦૨૧–૨૨ માટેનો જોબફેર તા. ૨૨–૨૩ માર્ચ : ૨૦૨૨ માં આપણી કોલેજમાં આયોજીત થયો હતો. આ મેગા પ્લેસમેન્ટ કેમ્પમાં કુલ ૨૮૧૦ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થયું હતું. કુલ ૨૨ કંપનીઓ વિદ્યાર્થીઓની પસંદગી માટે ઉપસ્થિત રહી હતી. જેમાં કુલ ૯૦૩ જેટલા વિદ્યાર્થીઓએ ગ્રેજયુએટ થયા પહેલા રોજગાર પ્રાપ્ત કર્યો હતો. જે.એન્ડ જે. કોલેજમાંથી ૨૧૦ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું જેમાંથી ૧૨૧ જેટલા વિદ્યાર્થી પસંદગી પામ્યા હતા. બે દિવસના રોજગાર મેળામાં પ્રિન્સીપાલ શ્રી એ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કોલેજના તમામ સ્ટાફ તથા ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ વોલેન્ટીયર તરીકે સેવા આપી મેગા પ્લેસમેન્ટ કેમ્પને સફળ બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું.




INTERVIEW PROCESS



## DATA PROCESSING TEAM







# C.W.D.C. ANNUAL REPORT (2021-2022)

**કન્વીનર : ડૉ. એસ.એન. પંડ્યા (કેમિસ્ટ્રી)**

**કો. કન્વીનર : પ્રા. એ.ડી. પુરોહિત (માઇક્રો બાયોલોજી)**

- **તારીખ : ૦૮/૦૩/૨૦૨૧ ના રોજ International Women's day (મહિલા દિન) ની ઉજવણીના ભાગરૂપે મહિલા સશક્તિકરણ અંગે ઓનલાઇન વેબીનારનું આયોજન કરવામાં આવેલ શિક્ષણ અગ્રસચિવશ્રી અધ્યક્ષતામાં યોજાયેલ જેમાં વેબીનારમાં ભાગ લીધો હતો.**
- **તારીખ : ૦૯/૦૩/૨૦૨૧ ના રોજ JCI (Jc Rate) નડિયાદ અને C.W.D.C. જે.એન્ડ જે. કોલેજ ઓફ સાયન્સ, નડિયાદના સંયુક્ત ઉપક્રમે Women's day ઉજવણી ના ભાગ રૂપે JCI (Jc Rate) કૃતિબેન પટેલ ઉદ્યોગ સાહસિકતા અંગે વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવેલ. તેમજ પાંચ વત્સલા (વિધવા) નારીઓનું સન્માન કરવામાં આવેલ. આ પ્રોગ્રામનું સંચાલન JCI નડિયાદના કન્વીનર જૈમિનભાઇ પંડ્યા તથા ચેરપરસન જિનલબેન ગજ્જર તથા C.W.D.C. ના કન્વીનર ડૉ. શિલ્પાબેન પંડ્યાએ સફળતાપૂર્વક કર્યું હતું.**



# C.W.D.C. ANNUAL REPORT
# (2022-2023)



કન્વીનર : ડૉ. એસ.એન. પંડ્યા (કેમિસ્ટ્રી)
કો. કન્વીનર : પ્રા. એ.ડી. પુરોહિત (માઇક્રો બાયોલોજી)

– તા. ૧૧/૦૭/૨૦૨૨ ના રોજ મહેંદી સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં ૩૬ વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો અને આ સ્પર્ધામાં પાંચ વિદ્યાર્થીની બહેનો વિજેતા જાહેર થઇ હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી હિતેશકુમાર હરિપ્રસાદ બ્રહ્મભટ્ટ શિક્ષક પ્રા. વાલ્લા એ સેવા આપી હતી.

મહેંદી સ્પર્ધાના વિજેતાઓ (Winners)

(૧) પંચાલ દેવ્યાંશી
(૨) રાવલ રિધ્ધિ
(૩) રોહિત ઝીનલ
(૪) પટેલ વૃત્તિ
(૫) વાળંદ રિધ્ધિ

– તારીખ : ૧૨/૦૭/૨૦૨૨ ના રોજ પેઇન્ટિંગ અને પોસ્ટર મેકીંગ સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં ૨૦ વિદ્યાર્થી ભાઇ–બહેનોએ ભાગ લીધો હતો અને આ સ્પર્ધામાં પાંચ વિદ્યાર્થી ભાઇ–બહેનો વિજેતા થયા હતા.

પેઇન્ટિંગ અને પોર્સ્ટર મેકીંગ સ્પર્ધાના વિજેતા (Winners)

(૧) નરેન્દ્ર એમ. સોઢા
(૨) રાવલ રિધ્ધિ એચ.
(૩) કોમલ આર. પ્રસાદ

– તારીખ : ૧૪/૦૭/૨૦૨૨ ના રોજ ટેટુ સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં ૩૦ વિદ્યાર્થી ભાઇ–બહેનોએ ભાગ લીધો હતો અને આ સ્પર્ધામાં ત્રણ વિદ્યાર્થીની બહેનો વિજેતા જાહેર થઇ હતી. આ સ્પર્ધામાં મહાકાલ માતૃપ્રેમ ફેમિલી જેવા વિષય રાખવામાં આવેલ.

ટેટુ સ્પર્ધાના વિજેતાઓ(Winners)

(૧) નરેન્દ્ર એમ. સોઢા

(૨) પ્રજાપતિ આરતી કે.

(૩) રાવલ રિધ્ધિ એચ.

– તારીખ : ૧૫/૦૭/૨૦૨૨ ના રોજ વક્તૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં ૨૫ વિદ્યાર્થી ભાઇ–બહેનોએ ભાગ લીધો હતો અને આ સ્પર્ધામાં ત્રણ વિદ્યાર્થી ભાઇ–બહેનો વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધાનો વિષય

(૧) સોશિયલ મીડિયા લાભકારક કે નુકશાનકારક છે?

(૨) શું નારી દુર્દશા માટે નારી જવાબદાર છે?

વક્તૃત્વ સ્પર્ધાના વિજેતાઓ (Winners)

(૧) વેધ ભૂમિકા

(૨) પ્રજાપતિ વ્રજ

(૩) મલેક નાજનીન.

– તારીખ : ૧૬/૦૭/૨૦૨૨ ના રોજ નેઇલ આર્ટ સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં ૧૫ વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો. અને આ સ્પર્ધામાં ત્રણ વિદ્યાર્થીની બહેનો વિજેતા જાહેર થઇ હતી. આ નેઇલ આર્ટ સ્પર્ધામાં જરી વર્ક, ટ્રાય કલર, ટ્રેડિશનલ જેવા વિષય પર નેઇલ આર્ટ કરવામાં આવેલ.

નેઇલ આર્ટ સ્પર્ધાના વિજેતા (Winners)

(૧) શાહ મનાલી એચ.

(૨) રાવલ રિધ્ધિ એચ.

(૩) પ્રજાપતિ ખ્યાતિ એન.

– તારીખ ૧૩/૦૮/૨૦૨૨ ના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ તથા હર ઘર તિરંગા કાર્યક્રમને ધ્યાનમાં રાખીને ટ્રાય કલર રંગોળી સ્પર્ધા રાખવામાં આવેલ. તેમાં કુલ ૪૫ જેટલા વિદ્યાર્થી ભાઇ–બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ફ્રી હેન્ડ, ટપકા રંગોળી, ક્રિએટીવ રંગોળીનો ઉપયોગ કરીને દેશપ્રમે વ્યકત કર્યો હતો. આ સ્પર્ધામાં વીર શહીદોના બલિદાન, દેશના ભવ્ય સ્મારકો, દેશ પ્રત્યેનું સમર્પણ જેવા વિષય પર રંગોળી બનાવી હતી. આ સ્પર્ધામાં ત્રણ વિદ્યાર્થી ભાઇ–બહેનો વિજેતા જાહેર થયા હતા.

રંગોળી સ્પર્ધાના વિજેતાઓ (Winners)

(૧) સકપાલ પ્રાચી

(૨) પરમાર બ્રિજેશ

(૩) શાહ મનાલી

– તારીખ : ૨૧/૦૯/૨૦૨૨ ના રોજ ભારતીય જનતા પાર્ટી (BJP) ના ખેડા જિલ્લાના મેડિકલ સેલ તથા સી.ડબલ્યુ.ડી.સી. જે.એન્ડ જે. કોલેજ ઓફ સાયન્સ નડીઆદના સંયુકત ઉપક્રમે હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ રાખવામાં આવેલ. આ પ્રોગ્રામમાં ખેડા જિલ્લાના (BJP) ના ઉપપ્રમુખ શ્રી રાજનભાઇ દેસાઇ તથા બી.જે.પી.ના હોદ્દેદારા હાજર રહ્યા હતા તથા મહિલા સેલ પ્રમુખ એલવિલાબહેન કા. પટેલ તથા હોદ્દેદારો હાજર રહ્યા હતા આ પ્રોગ્રામનું સંચાલન બી.જે.પી. ના મેડિકલ સેલ તથા સી.ડબલ્યુ.ડી.સી. ના કન્વીનર ડૉ. શીલ્પાબેન પંડ્યા એ સફળતાપૂર્વક કર્યું હતું. હિમોગ્લોબિન ચેકઅપ કેમ્પમાં ૧૦૦ જેટલી બહેનોએ હિમોગ્લોબિન ચેક કરાવ્યું હતું તથા તેમાં એચ.બી. ની ઉણપ હોય તેને ટેબલેટ વિતરણ કરવામાં આવેલ.

# Women's Day JCI Programme








# C.W.D.C. Activities
# Himoglobin Camp














# C.W.D.C. Activities
## Elocution









# C.W.D.C. Activities
# Painting & Poster







# C.W.D.C. Activities
# Tatoo Competition






# C.W.D.C. Activities
# Mehndi Competition









# C.W.D.C. Activities
# Rangoli Competition






# C.W.D.C. Activities
# Nail Art Competition





# યુવક મહોત્સવ

**ડૉ. એસ.બી. લખનોત્રા**
**ઇન્ચાર્જ**
**યુવક મહોત્સવ**

સરદાર પટેલ યુની. યુવક મહોત્સવ તા. ૨૩–૨૪–૨૫ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ સરદાર પટેલ યુની., વલ્લભ વિદ્યાનગર ખાતે યોજવામાં આવ્યો હતો. નીચેની સ્પર્ધાઓમાં આપણા વિદ્યાર્થીઓએ ૧ થી ૩ માં સ્થાન પ્રાપ્ત કરી કોલેજને ગૌરવ અપાવ્યું છે.

| ઈવેન્ટ | વિદ્યાર્થીઓનું નામ |
|---|---|
| ૧. વકતૃત્વ (ઇલોકયુશન) | મલેક નાઝનીન પી. |
| ૨. કોલાઝ | રાવલ રિધ્ધિ એચ. |

જે.એન્ડજે. કોલેજ ઓફ સાયન્સને ગૌરવ અપાવનારા ઉપરોકત તમામ વિદ્યાર્થીઓને કોલેજ પરીવાર વતી અભિનંદન પાઠવુ છું. આ ઉપરાંત રંગોળી, ક્વિઝ, કલે મોડેલીંગ, ડિબેટ, ઓન ધ સ્પોટ ફોટોગ્રાફી, ઓન ધ સ્પોટ પેઇન્ટીંગ, પોસ્ટર મેકીંગ, કાર્ટુનીંગ જેવી સ્પર્ધામાં કુલ ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, એ તમામ વિદ્યાર્થીઓને હ્રદયથી અભિનંદન પાઠવું છુ અને તેઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કોલેજ પરિવાર શુભેચ્છા પાઠવે છે. સતત વિદ્યાર્થીઓની સાથે રહીને અમૂલ્ય માર્ગદર્શન પુરૂ પાડવા માટે પ્રા. રક્ષિત પટેલનો હ્રદયથી આભાર માનુ છું.

યુવક મહોત્સવ દરમ્યાન આચાર્યશ્રી ડૉ. અલ્પેશ પટેલ, પ્રા. પૃથા સોની, પ્રા. ચૈતાલી, ઓફિસ સુપ્રી. શ્રી હરિશભાઇ પારેખનો ખાસ સહયોગ પ્રાપ્ત થયો છે.

આભાર ....

ડૉ. એસ.બી. લખનોત્રા

# જે. એન્ડ જે. કોલેજ ઓફ સાયન્સ, કર્મચારી ધિરાણ સહકારી મંડળી લી.

વર્ષ : ૨૦૨૧–૨૦૨૪ (તા.૦૧.૦૪.૨૦૨૧ થી તા. ૩૧.૦૩.૨૦૨૪ સુધી)

નવી કારોબારીની રચના કરવામાં આવી છે.

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | પ્રો. મિહિરબાબુ એચ. શાહ |
| ઉપપ્રમુખ | : | શ્રી હરિશભાઇ એમ. પારેખ |
| મંત્રી | : | શ્રીમતિ શિલ્પાબેન એ. જાની |
| કારોબારી સભ્ય | : | પ્રો. દિપકભાઇ કે. ભોઇ |
| કારોબારી સભ્ય | : | પ્રો. દિપકભાઇ કે. સોલંકી |
| કારોબારી સભ્ય | : | પ્રો. રાજેશભાઇ ડી. પટેલ |
| ઇન્ટરનલ ઓડીટર | : | પ્રો. સુરેશભાઇ બી. પટેલ |
| આમંત્રિત સભ્ય | : | પ્રો. અલ્પેશભાઇ એમ. પટેલ |

## વર્ષ : ૨૦૨૧–૨૦૨૨

| | | |
|---|---|---|
| શેર ભંડોળ | : | રૂા. ૬૩૦૦૦/– |
| સભાસદ બચત | : | રૂા. ૫૦૭૫૭૫૦/– |
| સભાસદ લોન | : | રૂા. ૫૩૮૪૬૯૦/– |
| કુલ ૪૨ સભ્ય | : | |
| મહત્તમ ધિરાણ | : | રૂા. ૪૦૦૦૦૦/– |
| ઓડીટર વર્ગ | : | બ (તા. ૩૧–૩–૨૦૨૨ સુધી) |

## વર્ષ : ૨૦૨૨–૨૦૨૩

| | | |
|---|---|---|
| શેર ભંડોળ | : | રૂા. ૬૦૦૦૦/– |
| સભાસદ બચત | : | રૂા. ૫૨૩૦૭૦૦/– |
| સભાસદ લોન | : | રૂા. ૫૬૫૨૧૯૦/– |
| કુલ ૪૪ સભ્ય | : | |
| મહત્તમ ધિરાણ | : | રૂા. ૪૦૦૦૦૦/– |

(તા. ૨૦–૨–૨૦૨૩ સુધી)